# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૫ તા.૨૯-૭-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે સર્વ શિક્ષા અભિયાન દ્વારા શાળામાં અભ્યાસ કરતા બાળકોના નામ સહિતનો ઓનલાઈન ડેટાબેઝ Aadhar Enable DISE સિસ્ટમ વર્ષ ૨૦૧૨-૧૩ થી કાર્યરત છે. વર્ષ ૨૦૧૬-૧૭ થી ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ કરતાં તમામ પ્રકારની શાળાના બાળકોની,માહિતી એકત્રિત કરવામાં આવેલ છે.સદર માહિતીનો ઉપયોગ શાળા છોડી જતા બાળકોને ફરી શાળામાં દાખલ કરવા,દિવ્યાંગ બાળકોને સહાય,સ્કોલરશીપ આપવા તથા ગુણોત્સવ દરમ્યાન દરેક બાળકનુ OMR બેઝ લર્નિંગ લેવલ માલુમ પડે તે માટે ઉપયોગ કરવામાં આવે છે.આ માટેનો ડેટા માત્ર આધાર એનેબલ ડાયસમાંથી લેવામાં આવે છે.

આધાર એનેબલ ડાયસ અંતર્ગત ધોરણ-૧ થી ૧૨ માં અભ્યાસ કરતાં બાળકોની માહિતી સાચી,સચોટ,ભૂલરહિત,રીયલ ટાઈમ અને અદ્યતન મળી રહે તે હેતુથી ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ થી દરેક શાળા કક્ષાએથી જ ઓનલાઈન એન્ટ્રી અને અપડેશનની કામગીરી કરવાની રહેશે.આ કામગીરી અન્વયે દરેક શાળાએ (૧) ધોરણ -૧ માં નવો પ્રવેશ મેળવેલ બાળકોની માહિતીની એન્ટ્રી (૨) ગત વર્ષ એન્ટ્રી કરેલ બાળકોની માહિતીનું અપડેશન અને (૩) અન્ય શાળામાંથી પ્રવેશ મેળવેલ બાળકોની એન્ટ્રી કરવાની થાય છે,

આ કામગીરી કરવા માટે દરેક શાળાએ Username માં શાળાનો ૧૧ અંકનો ડાયસ કોડ અને વન ટાઈમ પાસવર્ડ:- ssa@123 થી લોગીન કરીને કામગીરી કરવાની રહેશે.ઓનલાઈન વેબસાઈટ ઉપર શાળા કક્ષાએથી કેવી રીતે કામગીરી કરવાની રહેશે. તે અંગેની વિસ્તૃત હેલ્પ www.ssagujarat.org/aadhaarenableddise વેબસાઈટ પર મૂકેલ છે.

બાળકની Insert/Update/Track કરવા નીચે દર્શાવેલ જે તે ધોરણ પર ક્લિક કરો.

આ લીંક પર ક્લિક કરવાથી શાળા કક્ષાએથી અન્ય શાળામાથી આપની શાળામા બાળકો નો ડેટા ટ્રાન્સફર કરવાની કામગીરી હાલ કરવાની રહેશે તથા નવી એન્ટ્રી કામગીરી જયારે Insert નું ઓપશન લીન્ક શરૂ થાય ત્યારબાદ કરવાની રહેશે.

ધો ૧ થી ૫ ની શાળા હોય તો ધો ૫ ના બાળકોને ધો ૬ થી ૮ ની અન્ય શાળામાં ટ્રાન્સફર કરવા માટે ૬ થી ૮ ની શાળાના ડાયસ કોડથી લોગીન કરવું. ધો ૬ સીલેકટ કરી જે શાળામાંથી આવેલ હોય તે શાળા ના બાળકનો યુઆઈડી નંબર અથવા તે શાળા ના ડાયસ કોડથી સર્ચ કરી તે બાળકોને આપની શાળામાં ટ્રાન્સફર કરવા માટે ધોરણ અને પ્રવેશ નંબર (GR No) Update કરવાનુ રહેશે.

બંધ થયેલ શાળાના બાળકોને / અન્ય શાળામાંથી આવેલ બાળકોને આપની શાળામા ટ્રાન્સફર કરવા માટે આપનીશાળાનુ લોગીન કરી જે તે ધોરણ પર ક્લિક કરી બંધ થયેલ શાળાના/અન્ય શાળાના ડાયસ કોડ થી અથવા બાળકનો યુઆઈડી નંબર થી સર્ચ કરી તે બાળકોનો પ્રવેશ નંબર (GR No) આપી આપની શાળામાં ટ્રાન્સફર કરવાના રહેશે .જો બાળક યાદીમા ના હોય તો બાળક નો યુનીક આઇડી થી સર્ચ કરી શોધી બાળકોને ટ્રાન્સફર કરવાના રહેશે.

ક્લાસ પ્રમાણે બાળક નો ડેટા Update કરવા નીચે દર્શાવેલ Enrollment ની લીંક પર ક્લિક કરો.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

આ લીંક પર ક્લિક કરવાથી શાળા કક્ષાએથી શાળામાં ચાલતા તમામ ધોરણ વાઇસ બાળકો નો ડેટા ના તમામ કોલમ ની વિગતો બાળકો ના વાલી પાસે થી મેળવી દર્શાવી અપડેશન ની કામગીરી કરવાની રહેશે.

- જન્મ તારીખ/પ્રવેશ તારીખ વચ્ચે ઓછામાં ઓછો ૫ વર્ષનો તફાવત અનિવાર્ય છે.જો તેમ નહિ હોય તો પ્રવેશ તારીખ REJECT કરી બ્લેન્ક બતાવવામાં આવશે,
- વર્ષ 2016-2017 ની હાજરી(દિવસમાં) બાળકની કુલ હાજરી દર્શાવવાની રહેશે.
- શિક્ષણનું માધ્યમ શાળા ગુજરાતી માટે (૩) એક લખવું, હીન્દી માટે (૪), મરાઠી માટે (૧૦), તમીલ માટે (૧૬), ઉર્દૂ માટે (૧૮), અંગ્રેજી માટે (૧૯), લખવું,
- વર્ષ 2017-2018 માટે બાળકની સ્થિતી માં જો બાળક જે તે શાળામાં અભ્યાસ કરતો હોય તો (૧) એક લખવું, જો બાળક શાળામાંથી અન્ય/બીજી શાળામાં અભ્યાસ અર્થે ગયેલ હોય તો (૨) બે લખવું, જો બાળક શાળામાંથી ઉઠી ગયેલ હોય તો (૩) ત્રણ લખવું અને જો બાળક મૃત્યુ પામેલ હોય તો (૪) ચાર લખવું.
- બેંક Details ની માહિતી ના હોય તો ઝિરો (0) Enter કરવુ.
- બેંક નું નામ કે શાખા નું નામ ના હોય તો NIL Enter કરવુ
- IFSC કોડ(અંકનો ૧૧) ના હોય તો ઝિરો (0) Enter કરવુ.
- ભારત સરકારનો આધાર યુ.આઈ.ડી. – ૧૨ અંકનો ના હોય તો (0) Enter કરવુ
- બાળકોનો ડેટા જે તે શાળાના રેકર્ડ સાથે ખરાઇ કરીને જ અપડેટ કરવો.
- લાગુ ના પડતી તમામ વિગતો ( હા = ૧,ના= ૨) માં દર્શાવવાની રહેશે.

**Aadhar Enable DISE અંતગર્ત એન્ટ્રી માટે વધુ વિગતો જાણવા માટે નીચે દર્શાવેલ ઝોનના ઓપરેટરનો ઓફીસ સમય (૧૦:30 થી ૬:00) માં સપર્ક કરવો.**

| ક્રમ | ઝોનનું નામ | નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|
| ૧ | ઉત્તર | ઝીનલ ચૌહાણ | ૭૬00૫૯૪૭૯૯ |
| ૨ | દક્ષિણ | રચના મહેતા | ૮0૯૯૯૧0૧૩૯ |
| ૩ | પૂર્વ | ઝીનલ ચૌહાણ | ૭૬00૫૯૪૭૯૯ |
| ૪ | પશ્ચિમ | લત્તા યાદવ | ૯૭૧૨૯૬૫૮0૨ |
| ૫ | મધ્ય | સ્વીટીબેન સોની | ૯૪૨૮૨૬૭૩૧૯ |
| ૬ | હિન્દી ઉર્દૂ | વિજય રાઠોડ | ૯૭૧૨૯૬૩૭0૧ |

શાળાના લોગીન અંગે ટેકનીકલ પ્રોબ્લેમ માટે રાજેશભાઈ પટેલ ૯૭૧૨૯૬૩૭૦૮ પર સંપર્ક કરવો. આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને શાળા કક્ષાએ ઓનલાઈન નવા બાળકોની એન્ટ્રી અને અપડેશનની કામગીરી તા.૨૫/૦૮/૨૦૧૭ સુધીમાં પુર્ણ કરવા આદેશ કરવામા આવે છે.

તા.૨૯-૭-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી